ગાંધીનગર સમાચાર, પાના નંબર :- ૦૮

તારીખ :- ૧૫/૦૪/૨૦૨૬

# ગાંધીનગરના મેટ્રો રૂટ પર સ્ટેશનો પાસે પાર્કિંગ અને ફૂટપાથના નવીનીકરણની કામગીરી હાથ ધરાઈ

## નાગરિકોની સુવિધામાં થશે વધારો, મેટ્રોના રૂટમાં ફુટપાથનું કામ પણ શરુ કરાયું

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ સાકાર થયા બાદ હવે નાગરિકોની સુવિધામાં ઉત્તરોત્તર વધારો કરવા માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. શહેરના નિર્ધારિત રૂટ પર મેટ્રો રેલની સફળ શરૂઆત થઈ ચુકી છે, પરંતુ મુસાફરો માટે સ્ટેશન સુધી પહોંચવા અને ત્યાં વાહન પાર્કિંગ જેવી પાયાની જરૂરિયાતો પૂર્ણ કરવી અનિવાર્ય હતી. આ બાબતને ગંભીરતાથી લઈને મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા હવે સ્ટેશનોની આસપાસ આનુસંગિક સુવિધાઓ ઊભી કરવાની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. ખાસ કરીને શહેરના મહત્વના ગણાતા સેન્ટ ઝેવિયર્સ અને સેક્ટર-૧૫ સ્થિત એલડીઆરપી કોલેજ પાસેના મેટ્રો સ્ટેશન નજીક પાર્કિંગની સુવિધા વિકસાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મેટ્રો પ્રોજેક્ટના નિર્માણ દરમિયાન ભારે મશીનરી અને સતત અવરજવરને કારણે શહેરના કેટલાક આંતરિક રસ્તાઓ અને ફૂટપાથની સ્થિતિ બિસ્માર થઈ ગઈ હતી. તંત્ર દ્વારા અગાઉ મુખ્ય માર્ગોના સમારકામની કામગીરી તો પૂર્ણ કરી લેવામાં આવી હતી, પરંતુ રાહદારીઓ માટેના ફૂટપાથનું કામ બાકી હતું. હવે મેટ્રો રેલના રૂટમાં આવતા તમામ વિસ્તારોમાં ફૂટપાથના નવીનીકરણનું કામ હાથ ધરાયું છે. આ કામગીરી અંતર્ગત વિવિધ સ્થળોએ જૂના ફૂટપાથને હટાવીને આધુનિક અને મજબૂત પેવર બ્લોક સાથેના નવા ફૂટપાથ બનાવવામાં આવી રહ્યા છે. શહેરમાં વધી રહેલા વાહનોના ઘસારા અને પાર્કિંગ સિવિધાની અનિવાર્યતાને અનુલક્ષી સ્ટેશન નજીક સુવ્યવસ્થિત

● અનુસંધાન પાન-૭ પર

અનુસંધાન પાના નંબર :- ૦૭ ઉપર

## મેટ્રો રૂટ પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાર્કિંગ હોવું અનિવાર્ય છે. જો પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોય તો રસ્તા પર વાહનો ખડકાવાની અને ટ્રાફિક જામ થવાની શક્યતા રહેતી હોય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે મેટ્રો કોર્પોરેશને નિર્ધારિત જગ્યાઓ પર પાર્કિંગ તૈયાર કરવાનું શરૂ કર્યું છે. આગામી ટૂંકા સમયગાળામાં જ્યારે આ કામગીરી પૂર્ણ થશે, ત્યારે નગરજનોને પોતાના વાહનો પાર્ક કરવા માટે આમતેમ ભટકવું નહીં પડે અને રેલવે સ્ટેશન જેવી જ આધુનિક સુવિધાઓનો અનુભવ મેટ્રો સ્ટેશન પર પણ થશે. તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી આ કામગીરી માત્ર મુસાફરીને સુગમ બનાવવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે શહેરના આંતરમાળખાકીય વિકાસને પણ એક નવી ઊંચાઈ પર લઈ જશે. રસ્તા, ફૂટપાથ અને પાર્કિંગની સુવિધા સજ્જ થવાથી ગાંધીનગરની સુંદરતામાં પણ અભિવૃદ્ધિ થશે. હાલમાં ચાલી રહેલી કામગીરીને કારણે થોડા સમય માટે અવરજવરમાં સામાન્ય વિક્ષેપ પડી રહ્યો છે, પરંતુ મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ, આ તમામ પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થતા જ મુસાફરોની હાલાકીનો કાયમી અંત આવશે.